સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

આત્મબળની આભામાં પદનો નિભાવ જોઇએ!
હોય મોટું પદ 'શોભાવવા' સ્વભાવ જોઇએ!
અભાવ અને દુર્ભાવથી દૂર નાસે છે લોક -
માત્ર પદની વ્યક્તિત્વનો પ્રભાવ જોઇએ!
(હતા તો મનમોહન પણ..)

હાઈકુ

દોડે છે અશ્વો - બગડી જાય!
માત્ર ફરે ચાબૂક - ઉથલાવ્યા વિના તો -
સાઇસ સિદ્ધિ! અથાણું પણ..
(જાગતું પ્રધાનમંડળ)(ઉંચા-નીચા તો કરવા પડે!)

ચિંતન

કો દેશઃ કાનિ મિત્રાણિ - કઃ કાલ કૌવ્યયાગમૌ । કશ્ચાહં કા મે ચ શક્તિઃ - રિતિચિંન્ત્યં મુહુર્મુહુ ॥

'મારો દેશ કયો? મારો મિત્ર કોણ? અત્યારે મારો સમય કેવો છે? મારી આવક અને જાવકનું પ્રમાણ શુ છે 'હું કોણ છું?' મારું સામર્થ્ય શું છે? આ બાબતે સમજદાર માણસે વારંવાર વિચાર કરી ચિંતન કરવું જોઇએ.'

ઘણા યુવાનો-વેપારીઓ-આકાશમાં ઉડતા હોય છે એમના સપનાં-વિચાર-વ્યવહારિક હોતા નથી પોતાનું શક્તિ-સામર્થ્ય જાણ્યા-સમજ્યા વિના-નવાં નવાં સાહસમાં આંખ મીંચી કૂદી પડે છે અને પછી ખરાબ રીતે પટકાય છે.

દરેક વિદ્યાર્થી-યુવાન-વેપારીએ ચિંતન કરી ક્ષેત્ર-સાહસમાં જવું જોઇએ. એ ક્ષેત્રમાં પોતાનો હાથ પકડે એવું કોણ છે? એ દેશનાં લોકો-કાયદા કેવા છે? અત્યારે જ્યોતિષ કે સામાજિક રીતે મારો સમય કેવો ચાલે છે? મારી આવકના પ્રમાણમાં મારી કલ્પના સાકાર થાય એમ છે? આ બધી બાબતોનો વિચાર કરીને જ સાહસ-નિર્ણય કરવા જોઇએ. આંધળુકિયાં કરવાનું પરિણામ પસ્તાવા સિવાય કંઇ જ આપતું નથી.

સમજદાર વ્યક્તિએ રોજ આ બાબતો ધ્યાનમાં રાખી આત્મનિરીક્ષણ કરવું જોઇએ.

સુવિચાર

- **'અતિ કા ભલા ના બોલના, અતિ કી ભલી ન ચૂપ...' 'અતિ કા ભલા ના બરસના, અતિ કી ભલી ન ધૂપ..' - જ્ઞાનસૂત્ર**
- **સત્તા ધીમે ધીમે બધા જ માનવીય ગુણોનો નાશ કરે છે - પોલબર્ક**
- **આવતીકાલની મને ફીકર નથી કારણ કે.. ગઇ કાલ મેં જોયેલી છે.. અને આજને હું ચાહું છું - એરિસ્ટોટલ**
- **સમજદારી વિનાનો સદ્‌ગુણ એ તલવાર વિનાના બખ્તર જેવો છે, એ પહેરનાર કદાચ બચી શકે પણ તે કોઇનું રક્ષણ ન કરી શકે.. - પોલો કોએલો**
- **પ્રબળ અને સતત વિશ્વાસ એ જ મહાન કાર્યોનો જનક છે - એસ.ભટ્ટાચાર્ય**
- **માણસના જ્ઞાનને માપવા માટે તેની નમ્રતા અને ધીરજની કસોટી કરજો.. એના જ્ઞાનની ઊંડાઇ મપાઇ જશે - પૂજ્ય મોટા**
- **પરમકૃપાળુ પરમાત્માની શક્તિ અનંત અને અમર્યાદ છે.. માત્ર આપણી શ્રદ્ધા એ સમજવામાં અલ્પ પડતી હોય છે - રમણ મહર્ષિ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ છોકરાં જાતે પાણી પી લેતાં નથી, પાણીની બોટલ અર્ધી પી એમ જ મૂકી દે. જાતે તો ભરતાં જ પોતાની થાળી, ચા-દૂધના વાસણ જાતે ધોતા નથી. બૂટ-ચપ્પલ ગમે ત્યાં ઉતારી નાખી દે. આ બધું, સંસ્કાર અને રીતભાતની માતા-પિતા વડીલોએ ટેવ પડાવવી પડે.. સ્વાશ્રય એ જ મોટો સંસ્કાર છે.

કલકત્તા યુનિ.ની એક કોલેજમાં ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર પ્રિન્સીપાલ હતા. રેલ્વે સ્ટેશન નજીક હોસ્ટેલ હતી તેથી વિદ્યાસાગર હોસ્ટેલમાંથી રેલ્વે સ્ટેશન ફરવા જતા. સાંજના સમયે માત્ર કફની અને પાયજામો પહેરી પ્લેટફોર્મ પર આંટા મારતા હતા. ત્યાં એક ટ્રેન આવી. પેસેન્જર ઉતરી ગયાં. એક યુવાન મોટી બેગ અને બેડીંગ સાથે ટ્રેનમાંથી ઉતર્યો. તરત વિદ્યાસાગરને કહ્યું એ - કુલી! આ બેડીંગ ઊંચકી લે - અને મારી સાથે કોલેજ-હોસ્ટેલ ચાલ!

વિદ્યાસાગર બેડીંગ ખભે ઊંચકી લીધું અને વિદ્યાર્થીને હોસ્ટેલના રૂમ સુધી મુકી આવ્યા. વિદ્યાર્થીએ એક રૂપિયો કાઢ્યો અને આપવા લાગ્યો.

વિદ્યાસાગરે લીધો નહીં પણ કહ્યું, 'તમારું પોતાનું કામ, તમે સ્વયં જાતે કરશો એ જ મારી મજૂરી.'

વિદ્યાર્થી સમજ્યો નહીં. બીજે દિવસે પ્રાર્થનામાં પ્રિન્સીપાલ ઇશ્વરચંદ્ર ને જોયાં ત્યારે શરમાઇ ગયો. માફી માગવા ગયો. વિદ્યાસાગર બોલ્યા-ભાઇ, પોતાનું કામ જાતે જ કરવાની ટેવ પાડજે.'

Email - sureshchandrabhatt18@gmail.com

કીધું કેમ નહીં...?? કેહ દુ તુમ્હેં, યા ચૂપ રહું, દિલમેં મેરે આજ કયા હૈ...!!

આમ મનમાં ને મનમાં મૂરઝાયા કરતાં ખૂલ્લાં દિલે પહેલાં મને કિધું હોત તો? તારા પ્રશ્નો, તારી મૂંઝવણ ખૂલ્લામાં નહીં તો ખાનગીમાં પહેલાં મને કિધું હોત તો?

'કેમ કીધું નહીં?' આ પ્રશ્ન અનેકવાર જીંદગીમાં આવે છે. મેં જો સમયસર આ વાત કોકને કીધી હોત તો આવનારી મુસીબત ટળી શકી હોત એવી બુદ્ધિ આ સમયે હવે ઉપયોગી નથી. એટલે જ મનને અવસ્થ કરનારી. ત્રાસ આપનારી, દ્વિધા અવસ્થા કરનારાં વિચાર કે વાત એ સમયે જ કહી દેવાં જોઇએ. આપણા માણસો પર એટલો વિશ્વાસ જોઇએ, પછી જીંદગી એકદમ ભાર વગરની હલકીફુલકી થવાની એટલીસ્ટ શક્ય હોય છે!

જીંદગીમાં અનેક વખત મન દ્વિધા અવસ્થામાં હોય છે. શું સાચું શું ખોટું ખબર પડતી નથી? કોઇકને કહીને શો ફાયદો? એમને જો એક વાત ગમી નહીં તો? કારણ વગર મને મુરખમાં ખપાવશે. તો કાયરેક એવું પણ લાગે કે, 'મફ્તમાં નકારાત્મક સલાહ મને મળશે તો હું સાંભળી લઇશ નહીં. મારે જે કરવું છે તે હું કરીને જ રહીશ. હું શું કામ બીજાને મારી વાત કહું?' એકદમ પરસ્પર વિરૂદ્ધ વિચાર ચાલતાં રહે છે. તમારાં મગજમાં ચાલતી વાતો ભલે બધાં સાથે ના કરો પણ તમારાં વિશ્વાસુ વ્યક્તિ જોડે અવશ્ય બોલવું જ જોઇએ...

આપણાં વિચાર અને નિર્ણયને કોક ફેરવી મારશે એવો વિચાર કરી બધાં વાત કરવાનું ટાળતાં હોય છે. પણ અનેક વખત બીજાનો દૃષ્ટિકોણ, વિચાર ધારણાં, જે રસ્તો અપનાવવાનાં છો એની માહિતી, નફો-નુકશાન, વિસ્તાર, ચાન્સ, પૈસા, પોઝીશન એમ બધી બાજુથી વિચાર કરી શકાય. અંતિમ નિર્ણય આપણો જ રાખવો. અનેકવાર આપણું એક ડગલું બીજાની જીંદગી બચાવી શકે, આપણાં બોલવાથી પ્રશ્ન હલ થઇ શકે!

સીમાની પડોશી છોકરી વિદ્યાનું સગપણ થયું. સીમાને એ છોકરાનું વ્યસન અને એનું એક લફરૂં ખબર હતી. એ પોતે ખુબ ડિસ્ટર્બ થઇ. વિદ્યા ખુબ સારી છોકરી હતી અને ખોટી જગ્યાએ ફસાઇ રહી છે એવું એને લાગ્યું. આ વાત પાડોશીને જઇને કહેવી કે નહીં? એવો એને પ્રશ્ન થયો. એણે એના પતિ સાથે વાત કરી. હવે એનો પતિ એટલે 'આપણે ભલાં ને આપણું કામ ભલું' સ્વભાવનો. એ બોલ્યો 'શું કામ કોકની વાતમાં વચ્ચે પડે છે? ધારો કે આપણે કંઇક કહેવા જેઇએ અને એમને ના ગમ્યું તો? કશુંક ઊંધું ચત્તુ બોલ્યાં તો? આપણે જ આપણું અપમાન કરી લેવાનું? તારૂં શું લુંટાઇ જાય છે આમાં? એનાં કરતાં મોઢું બંધ રાખીને બેસને!!'

પણ વાત તો વિદ્યાના જીંદગીની હતી. સીમાથી રહેવાતું નહોતું. પતિને ના કહેતા એ હિંમત કરી પાડોશીના ઘરે પહોંચી ગઇ. 'તમે વિદ્યાનું જ્યાં સગપણ કર્યું છે, એ છોકરો અમારો પરિચિય છે. વ્યસનનાં રવાડે ચઢેલો છે. બાઇ અને બાટલીથી છુટકારો મેળવવા એ વ્યસન મુક્તિ કેન્દ્રમાં છ મહિના રહી આવ્યો છે. હવે એ ઉતાવળે લગ્ન કરવા માંગે છે. તમે બરાબર તપાસ કરી છે ને? એટલે હું તો કહીશ આ લગ્ન કરવાનું માંડી વાળો' સીમા એક શ્વાસે બોલી ગઇ...

'અમે તો લગ્નની બધી તૈયારી કરી બેઠાં છીએ, લગ્નવાડી, મંડપ, ડેકોરેશન, દાગીના, કંકોત્રી, આઠ દિવસ બાકી છે, અને તમે આજે બોલો છો?' પહેલાં કેમ ના કીધું? એમનો ટોન બરાબર નહોતો જ. થોડીવાર માટે સીમાને પતીએ કરેલી વાત યાદ આવી ગઇ. પણ બીજી જ ક્ષણે સીમાએ થોડો અવાજ ઊંચો કરીને કીધું, 'હજી લગ્ન કરીને વિદ્યા ગઇ નથીને એમનાં ઘરે? હજુ સમય છે. તમને ખાત્રી કરવી હોય તો પેલાં કેન્દ્ર અને બાઇ બંનેનું સરનામું આપું છું, જાતે જઇને તપાસ કરો.' આટલો આત્મવિશ્વાસ ભર્યો રણકો સાંભળી વિદ્યાના ઘરનાં ચોકી ગયા. અને એમણે તપાસ કરી, વાતમાં વજૂદ નીકળ્યું અને વિદ્યાના લગ્ન માંડી વાળ્યાં, વિદ્યા વ્યસનીનાં હાથે ચૂંથાતાં બચી ગઇ... સમયસર ટાંકો લેતો આગળની સિલાઇ ઉખડતાં બચી ગઇ. એક છોકરીની જીંદગીનો સર્વનાસ સીમાને ખબર હોવા છતાં પતિનું માનીને થવા દીધો હોત તો કદાચ આ વાત એને જીંદગીભર કોરી ખાત!!

ના બોલવું, ના કહેવું એ હવે ઘરઘરમાં દેખાવા લાગ્યું છે. ઘરમાં એક સાથે રહેવા કરતાં એક થઇને રહેવું મહત્ત્વનું છે. અને એ કાંઇ મોટી વાત નથી. બધાનો મત, વિચાર, અનુભવ જાણી લેવો. અને એમાંથી વિચાર શક્તિ અને વર્તનની પરિપક્વતા આવતી જાય. ખુલ્લાં રહેવાથી, વાતો કરવાથી, પ્રશ્નોની ચર્ચા કરવાથી માણસ ઘડાતો જાય છે. જેમ જેમ ખુલ્લી રીતે વાત કહેતા થાવ એટલે પ્રેમ અને આત્મીયતા વધતી જાય. દરેકને ઘરની વ્યક્તિ પ્રત્યે આકર્ષણ થવા લાગે. હું જે કાંઇ કહીશ એ બધાં સાંભળી લેશે, એવો વિશ્વાસ હોવો જોઇએ. અને સાથે જ મારી કાંઇ ભૂલ હશે તો મને યોગ્ય પ્રકારે સમજાવી કહેવામાં આવશે એવી ખાત્રી પણ હોવી જોઇએ. જો ઘરનાં જ માણસોની બીક લાગતી હોય અને ઘરમાં કોઇ બોલે નહીં, આજ વ્યક્તિ બહારનાં માણસો સાથે કેવી રીતે બોલશે??

અરે, પતિ-પત્ની પણ ઘણીવાર મનમાં ચાલી રહેલી મહત્ત્વની ઘટનાઓ વિશે ચાર શબ્દો બોલતાં નથી. કયારેક પેલીના તો કયારેક પેલાનાં મનમાં મૂંજવણ ચાલતી હોય છે. હું કંઇ કહીશ તો એ મસજશે ને? કે ગેરસમજ કરશે? ઝગડાં થશે? એવી શંકાઓ મનમાં લાવીને વાત કરવાનું ટાળી દેવાય છે. આનું કારણ શું? વિશ્વાસનો અભાવ, સમજી લેવાની કમતરતા, આપણે બંને એક જ છીએની ના સમજ. ભાવનાત્મક એટેચમેન્ટની કમી અને એમાં મનદુઃખ થયેલાં પ્રસંગોની યાદદાસ્ત, જુની કડવી યાદો અને અનુભવ ખુલ્લા દિલે વાત કરવાં દેતી નથી. ભૂતકાળ એવો ખભા પર વેતાળની જેમ ચોંટેલો હોય છે કે વર્તમાનમાં શું ચાલે છે એ વિચારવાની ક્ષમતા જ ઘટવા લાગે છે. પત્ની પત્ની સાથે ખુલ્લા મને વાત કરતી નથી. પતિ પણ એની મનમાની કરતો રહે છે. અને જીંદગીભર મનમનાવી જીવવાનું પેલીના નસીબે આવે છે. જીંદગીનાં અંત સમયે 'મારે એમને કહેવું જોઇતું હતું' એવો પશ્ચાતાપ કરવાનો કોઇ અર્થ જ રહેતો નથી! બોલી નાખો જે બોલવું હોય તે, મન-હૈયું બંને હળવાં થઇ પ્રસન્ન થઇ ઉઠશે!

મનમાં ચાલી રહેલી ઉથલપાથન સગાવહાલાં કરતાં, આત્મિય કે મૈત્રીનો રિશ્તો ધરાવતાં લોકો વધુ ઉપયોગી થાય છે. ઘરનાં માણસ સાથે જે બોલાય નહીં એ મિત્ર-બહેનપણી સાથે બોલીને હળવાં થવાય છે. ઇન્ફોટીટી ચાની કિટલીના પાંચ-છ મિત્રોનું એક ગ્રુપ છે. એમાંના એક સુરેશે બિઝનેશ કરવાં લોન લીધી. હવે કુદરતનું કરવું ને એ જ વખતે મમ્મીનું ઓપરેશન આવ્યું, જીંદગી ડામાડોળ થતી જોઇ મમ્મીએ બહેનનાં લગ્નનું ગોઠવી કાઢ્યું, અને આ બધામાં ધંધા માટે લીધેલી લોન બરફનો ગોળો પીગળે એમ ફટાફટ કયાંક ઓગળી ગઇ, પૈસા ખાલી થઇ ગયાં!!

બેંકની ઉઘરાણી શરૂ થઇ, નોટીસ આવી ગઇ, અને સુરેશ ગભરાઇ ગયો. એ આ વાત કોઇની સાથે કરતો નહોતો. અરે, એની વહાલી પત્નીને પણ આ વાતની ખબર નહોતી... અને, સુરેશે આત્મહત્યાનો નિર્ણય લીધો. નર્મદા કેનાલે કુદકો મારતાં પહેલાં સાંજે મિત્રોને ગલ્લે મળવાં પહોંચ્યો. ઘણાં દિવસથી કોઇને ફોન કર્યો નહોતો કે ગલ્લે પણ ગયો નહોતો. બધાં મિત્રો આપણાં નોકરી-ધંધામાં મગ્ન હતા. બધાને એમ કે આનો નવો ધંધો છે એટલે વદારે જ બીઝી હશે... સુરેશે મિત્રો સમક્ષ દિલ ખોલીને વાત કરી અને તમને મળીને કેનાલે જઉં છું ની વાત કરી. મિત્રો આંચકો ખાઇ ગયાં. સુરેશ આટલી તકલીફમાં તો એવું કોઇને જ લાગ્યું નહોતું. 'અરે, તું બોલ્યો કેમ નહીં?' આપણે શું ખાલી ચા પીવી કે ગપ્પા મારવા પૂરતાં મિત્રો છીએ? બધાંએ ફટાફટ મદદ માટે ઓફરો આપી, તારા મિત્રો એટલાં ગરીબ નથી, તારી જીંદગી કરતાં રૂપિયા મૂલ્યવાન નથી, અને સુરેશ ચોધાર અશ્રુએ રડી પડ્યો, મિત્રોએ એવી જીંદગી બચાવી, એનાં બોલવાથી!!

ચૂંટલો :

જીંદગીમાં બે-ચાર વ્યક્તિતો એવી રાખવી જ કે જ્યાં ખુલ્લા દિલે બધી વાત કરી શકાય, કારણ ત્યાંથી જ જીંદગીને દીશા મળતી હોય છે. એમની હૂંફ સપોર્ટથી કેનાલનો કુદકો નહીં પણ સફળતાનો કુદકો નસીબ થાય છે.

આ ફેસબુક તો વર્ચ્યુઅલ એટલે કે આભાસી દુનિયા છે, અહીં પાંચ હજાર ફ્રેન્ડ્સ બની શકે અને એક પણ ન બને, કોણ સાચો, કોણ ખોટો એ નક્કી ન થઇ શકે

(ગતાંકથી આગળ...)

'ફેસબુક પર એક મિત્ર છે. તેણે આગ્રહ કરેલો. તેથી જવું પડ્યું.' કહેવું ન હતું છતાં આકાંક્ષાએ કહેવું પડ્યું.

'ઓહ! ગોડ તમે પણ મોમ શું, જવાની શું જરૂર હતી? આ ફેસબુક તો વર્ચ્યુઅલ એટલે કે આભાસી દુનિયા છે. અહીં પાંચ હજાર ફ્રેન્ડ્સ બની શકે અને એક પણ ન બને, કોણ સાચો, કોણ ખોટો એ નક્કી ન થઇ શકે. તમને મારા સમ છે હવે પછી કોઇ પણ બોલાવે તો નહીં જવાનું. નક્કામાં કયાંક ફસાઇ જવાય. હું તો રોજ એવી કેટલાય કેસ જોઉં સાંભળું છું.' સુનિધિ મમ્મીની નજીક આવી બેસી ગઇ. તેનો હાથ પોતાના હાથમાં લઇ એ રીતે સહેલાવ્યો જાણે તેની દીકરી નહીં પણ માં હોય. તેને નજીક ખેંચી તેના ગળે વળગી પડી. ત્યારે આંખમાંથી છલકતાં આંસુઓમાં નિઃશબ્દ ક્ષમાયાચના હતી કે દીકરી મને માફ કરી દે. તારી ગુનેગાર છું. તારું વાસ્તવિક ભાવનાત્મક આકાશ મેં છીનવ્યું છે. માંના હિબકાં ઓછાં થયાં એટલે ધીમેથી તેની નજીકથી સહેજ ખસમાં સુનિધિએ કહ્યું, 'સારૂં મને એ કહો એ માણસ છે કોણ જેણે મારી મોમને હેરાન કરી.'

'.....'

'સારું ના બતાવજો પણ પાસવર્ડ તો કો તો તેને તમારા એકાઉન્ટમાંથી ડીલીટ કરી દઉં.'

દીકરીના સ્વરમાં તેના પ્રત્યની ચિંતા હતી. પણ આકાંક્ષા ચૂપ રહેવા માંગતી હતી. સુનિધિ કંઇ બાળક નહોતી. એટલું તો એ સમજી ગઇ કે તેની શાંત માંને અંદરની ઝંઝકોરી નાંખે એવું કંઇક અઘટિત બની ગયું છે. તેણે ચૂપ રહી તેનું માન જાળવ્યું. થોડીવાર બંને ચુપ રહ્યાં. મૂળ પાસવર્ડ તો દીકરીએ જ બનાવેલો. પણ તે બદલવાનું આવડ્યા પછી પ્રેક્ટીસ કરતી વખતે તેણે એ બદલીને પોતાનો મનગમતો એવો જીવથી પણ વ્હાલો બનાવેલો જે તે દીકરીને કહેવા માંગતી ન હતી.

'ના, બેટા હું પોતે કરી દઇશ.' આંકાક્ષા એ કહ્યું.

'સારું એમ છે, તો તમને જે હેરાન કરે તેને ડીલીટ કરી દેવાનો એટલે ટેન્શન ખતમ. સારું કપડાં બદલીને હું રહા બનાવું છું. તમે ત્યાં સુધી ડીલીટ કરો. નહીં તો તમારું ટેન્શન ઓછું નહીં થાય. અને મારે ફરી હોસ્પિટલના ચક્કર ચાલુ થઇ જશે.' વાતાવરણને હળવુંફૂલ બનાવવાની કોશિષ કરતી સુનિધિ એ કોમ્પ્યુટરઓન કરી દીધું હતું.

મજબુરીથી ભારે મને આકાંક્ષાને કોમ્પ્યુટર પર બેસવું પડ્યું. થેંક ગોડ અભિનવે પ્રોફાઇલમાં પોતાનો ફોટો લગાવ્યો નથી. સુનિધિ જોત તો નક્કામી... તેણે વિચાર કરતાં નેટ ઓન કરી પોતાનો ફેસબુક એકાઉન્ટ ખોલ્યો. થોડીવાર પહેલાંના બે મેસેજ આવેલા હતા. કંપતા હાથે કલિક કરતાં પહેલો મેસેજ દેખાયો. 'તમે આવ્યાં નહીંને, કંઇ વાંધો નહીં. તમે કદાચ એ નહીં હો જેને વર્ષોથી હું શોધું છું. નામ રાશી એક હોય તેશી શું? મારામારી આકાંક્ષા હોય તો જરૂર આવી હોત એનો મને વિશ્વાસ હતો. તેને શોધવાનો આ છેલ્લો પ્રયાસ હતો. હવે જોઉ છું, ઇન્ડિયા છોડીને, કદાચ કાયમ માટે...'

બીજો મેસેજ - 'તમને બોલાવીને માનસિક રૂપે હેરાન કર્યા એ શું કામ ખબર છે? વર્ષો પહેલાં મારી એક આકાંક્ષા હતી. અમારા વચ્ચેનો પ્રેમ કોલેજમાં બહુ ઇર્ષ્યાનો વિષય હતો. એ આકાંક્ષા કોઇ ગેરસમજને કારણે મારાથી બહુ દૂર જતી રહી. ત્યારથી મરવાને વાંકે જીવી રહ્યો છું. તેને બ્હાવરો થઇ શોધું છું. તે સમયની વાત છે. તેની એક દોસ્તે મારી સાથે શરત લગાવેલી કે આકાંક્ષાને વાતોથી ભરમાવી તારાથી દૂર કરી શકું છું. મને સંપૂર્ણ વિશ્વાસ હોવાથી મેં તેની શરત કબુલ રાખેલી અને કહેલું કે 'ગમે તે થાય મારી આકાંક્ષા સપનામાં પણ ડગે નહીં' પણ કોણ જાણે કઇ રીતે તેની એ દોસ્તે વાત કરી કે મારો વિશ્વાસ, મારો પ્રેમ માટીના પાકા વાસણની જેમ ઠીંકરામાં પરિણમ્યો. તેણે શરત જીતવાની અવેજીમાં માંગેલ માત્ર એક ગુલાબનો પુષ્પગુચ્છ. કેમ? એ કોયડો તો ઉકેલાયો નહીં પણ જિંદગી ગુંચવાઇ ગઇ અચાનક પતંગ કપાઇ જતાં દોરને જલ્દી જલ્દી ખેંચતા જમીન પર પડેલ માંઝાની જેમ. એ ઠીંકરાનાં ટૂકડાઓને ભેગા કરી આજ સુધી શોધી રહ્યો છું. તેથી તમને હેરાન કર્યા. તે મારે આ અભાગીયા અભિનયને માફ કરી દેજો.'

'હે ભગવાન! ધરતી ફાંટે કે આકાશમાં સમાઇ જાઉં. આ કેવો અનર્થ. આવી વાત કેમ સમજાય. ઇર્ષાએ આ કોયડાનો હલ બે ભાગમાં વહેંચી બે અલગ દિશામાં ફેંકી દીધેલો. જેથી ન બંને ભેગાં થાય કે ન કોયડો ઉકેલાય. આભાસી તો હું જ છું. મેં જ તોડી નાંખ્યો તારો ઇન્દ્રધનુષી ઝુલો. મેં જ અનર્થ સર્જીને અભિનવના પવિત્ર પ્રેમ કળશને ઠીકરામાં પરિવર્તીત કરી દીધો. ગુંચવાયેલા માંઝાની ગૂંચ કાઢવાનો એકવાર પણ પ્રયત્ન ન કર્યો. તેની બાબતમાં મારી હંમેશા ગેરસમજ થતી રહી. હે ઇશ્વર મને શક્તિ દે...' બંને કોણીઓને ટેબલ પર ટેકવીને બંને હથેલીઓથી આંખોને ઢાંકતી આકાંક્ષા રડી પડી.

તેણે હવે પોતાની જાતને સંભાળવાની હતી. સુનિધિ રહા લઇને આવે તે પહેલાં મેસેજનો એક એક શબ્દ જે તેના હૃદયને બેચેન કરતો હતો તેને બીજીવાર વાંચ્યા વિના મેસેજ ડિલિટ કરી દીધા. તે પછી અભિનવને એકાઉન્ટ અને પોતાની જાતને પણ વિડ્રો કરી લીધી. અને હથેળીથી આંખો લૂંછતી આ આભાસી દૂનિયાથી પોતાની રોતલ ચહેરાને છઉપાવવા બાથરૂમમાં જતી રહી.

'શું મોમ તમે પણ કલામ છો હોં! તમારો આખો એકાઉન્ટજ ડિલિટ કરી દીધો. મેં તો પેલી વ્યક્તિને રદ્દ કરવાનું કહેલું. એમાં તમને એટલું બધુ ખોટું લાગ્યું.' સોરી મમ્મા ટુવાલથી મોં લૂછતી આવી રહેલી આકાંક્ષાને ભેટી પડતાં સુનિધિએ કહ્યું.

'ના, બેટા મને કંઇ ખોટું નથી લાગ્યું. બસ એમ જ જોને હવે હું એ આભાસી દુનિયાથી મુક્ત થઇ ગઇ. મેં અનેક ચહેરાવાળી એ ચોપડી બંધ કરી દીધી. મારે હવે એ વાંચવી નથી. ઘણી વખત કોઇ જુદા ચહેરા દિલને દુભાવે છે, તો કયારેક કોઇ ચહેરાની સચ્ચાઇ ભીંતર સુધી હલબલાવી દે છે. આમ તો ફેસબુક ફિલોસોફી સમજી શકી નહીં. તેથી ચુપ રહી. રહાનો એક મોટો ઘૂંટડો લઇ પછી આંકાક્ષાએ દીકરીને કહ્યું' બેટા મારે થોડીવાર આરામ કરવો છે. માથું ભારે થઇ ગયું છે. હાં દબાવવાની જરૂર નથી. એમ જ મટી જશે.'

'ઓ.કે. મોમ, તમે આરામ કરો. મારે મારા પ્રોજેક્ટનું કામ છે. એ પુરૂં કરું છું.' સુનિધિએ વધુ ચર્ચા કર્યા વિના માં ને એકલી રહેવા દેવાનું મુનાસિબ માન્યું.

પોતાના ઓરડામાં જઇ બારણા બંધ કર્યા. પછી કયાપેલા ઝાડની જેમ આકાંક્ષા પથારીમાં પડી. ગુંચવાયેલો કોયડો ઉકલી ગયો હતો. પણ બંને હૃદયોને તેનો અભિશાપ લાગ્યો હતો. જે ચહેરોને ખોટો સમજીને ભુલવા માટે ઉંમર ખર્ચી નાખી તેની જ નિર્દોષતા આજે સામે આવી જે જાણીને ગર્ભમાં મોતીની જેમ તેને સાચવી તે પડી હતી. સમય હવે પાછો ફરી શકે તેમ ન હતો, કે તે પોતાની જાતને માફ પણ કરી શકે તેમ ન હતી.

નવાં કલેવર

- નટવર હેડાઉ

- vanvihari@gmail.com

સ્વાર્થ, ઈર્ષા, નફરત હોય ત્યાં પ્રેમ ન ટકે

ગુલમહોર

- દિનેશ દેસાઇ

માઇકલેન્જેલોનું કહેવું છે કે "જ્યાં પ્રેમ હોય ત્યાં માત્ર અને માત્ર પ્રેમ જ હોય. સ્વાર્થ ઈર્ષા, નફરત હોય ત્યાં પ્રેમ ન ટકે." પ્રેમનો પર્યાય એટલે પ્રેમ. પ્રેમના વિકલ્પમાં બીજું કશું ન હોઇ શકે. જીવનમાં પ્રત્યેક પડાવ ઉપર જુદા જુદા મુસદ્દાઓમાં પ્રેમનું મહત્વ પ્રધાનરુપ હોઇ શકે. એક સમસ મજાની નાનકડી પ્રેમકથા છે. એક યુવતીને સાથે ભણતા યુવાન સાથે પ્રેમ થઇ ગયો. એક વાર યુવતીએ યુવાનને પોતાના ઘરે લઇ જવા પ્રસ્તાવ મૂક્યો. પિતા સાથે ઓળખાણ કરાવી. પિતાએ યુવાનના ગયા પછી દીકરીને ઠપકો પણ આપ્યો. છતા યુવતી મક્કમ હતી. પિતાએ છેવટે મને યા કમને યુવક સાથે દીકરીને પરણાવવા હા તો પાડી પણ ભણવાનું પુરું કરવા શરત મૂકી. સગાઇ થઇ ગઇ. એ દરમિયાન યુવાનને વિદેશ જવાનું થયું. યુવતીએ પ્રેમીને વિદેશ જવા માટે રજા પણ આપી અને રાહ જોવા તૈયારી પણ બતાવી. યુવક વિદેશ ગયો છતા બેઉ વચ્ચે સંપર્ક યથાવત રહ્યો અને પ્રેમ પણ. એક દિવસ યુવતીને અકસ્માત થયો. જેમાં તેના ચહેરા અને શરીરના બીજા ભાગને ઈજાઓ પહોંચી. તેણે યુવકને પત્ર લખીને જાણ કરી કે હવે પોતે પહેલા જેવી રહી નથી. ચહેરો બગડી ગયો છે અને પગનો નીચેનો થોડો કપાવવો પડ્યો છે. આટલું જાણ્યા બાદ યુવકે તે યુવતી સાથે ફરી કોઇ સંપર્ક ન કર્યો. આ તરફ યુવતીના પરિવારજનો અને તેની સહેલીઓ વગેરે તેને વારંવાર મહેણું મારવા લાગ્યા કે જોયું ને. પ્રેમનો આ છે અંજામ. ખરો પ્રેમ હતો જ નહીં. માત્ર દેહ પૂરતું જ આકર્ષણ હતું. એક દિવસ યુવતીની ખાસ બહેનપણી તેની પાસે આવી અને તેને કંકોતરી આપીને કહ્યું કે તું જેને પ્રેમ કરતી હતી, કરી રહી છે, તેનાં લગ્નની આ કંકોતરી છે. તેણે મને (બહેનપણીને) આમંત્રિત કરી છે. આ વખતે યુવતીના મન ઉપર શું વીતી હશે એની કલ્પના પણ ન થઇ શકે. છતા તેણે પોતાના પ્રેમ અને પોતાના પ્રેમના પ્રતીક એવા પેલા યુવક ઉપર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરીને કહ્યું કે, એ ભલે સુખી થતો. એના લગ્નથી હું પણ સુખ અનુભવી રહી છું. અગ્નિપરીક્ષાની આ ઘડી ક્ષણભરમાં પસાર થઇ ગઇ. પેલી બહેનપણીએ યુવતીને કહ્યું કે કંકોતરી જોવાની તને ઇચ્છા થતી નથી? એવામાં બહેનપણીએ કંકોતરી ખોલીને યુવતીને બતાવી. યુવતીના આશ્ચર્ય વચ્ચે કંકોતરીમાં વર તરીકે તો પેલા યુવકનું નામ હતું પરંતુ જેની સાથે લગ્ન થવાનાં હતાં એ કન્યા તરીકે આ યુવતીનું જ નામ હતું. યુવતીને સુખદ આશ્ચર્ય થયું. એ તો ખુશીમાં ઝુમી ઊઠી.

પ્રેમનો પર્યાય એટલે પ્રેમ, પ્રેમનાં વિકલ્પમાં બીજું કશું ન હોઇ શકે, જીવનમાં પ્રત્યેક પડાવ ઉપર જુદા જુદા મુસદ્દાઓમાં પ્રેમનું મહત્ત્વ પ્રધાનરૂપ હોઇ શકે

એના આનંદને શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી. યુવતી કંકોતરી વાંચી રહી એટલામાં તો તે યુવાન તેની સમક્ષ હાજર થઇ ગયો. યુવતીએ આશ્ચર્ય સાથે પૂછ્યું કે તારું આ રુપ પણ મને ગમ્યું. પરંતુ તું આટલા લાંબા સમય સુધી ક્યાં હતો. યુવકે તેને કહ્યું કે હું હંમેશા તારી સાથે જ હતો. પરંતુ તારી ધીરજની પણ હું કસોટી કરતો હતો. તારા સિવાય બીજા કોઇ સાથે લગ્ન યા પ્રેમની તો હું કલ્પના પણ કરી શકું નહીં. તારો હર હાલમાં અને કોઇ પણ સંજોગોમાં સ્વીકાર કરવો એ જ મારો પ્રેમ. સાચો પ્રેમ આનું નામ. સાચો પ્રેમ રુપ, સુંદરતા, બાહ્ય દેખાવ, ધન-દોલત, સંપત્તિ, સ્ટેટ્સ યા અન્ય કોઇ બાહ્ય ઉપકરણોની મોહતાજ હોતો નથી. માંહ્યલાનો નેહ એ જ સાચો પ્રેમ. સાચા પ્રેમના કોઇ સર્ટિફિકેટ બની શકતા નથી. હૃદયના અતળ ઊંડાણમાં પ્રેમ સમાયેલો, સચવાયેલો હોય છે.

સ્ટોપર :

"તારાં પ્રશ્નસૂચક નેત્રો
વ્યથિત છે.
સાગરનું ઊંડાણ માપવા મથતા
ચંદ્રની પેઠે
તે મારી વાતોનો અર્થ ખોળી રહ્યા છે."

- રવીન્દ્રનાથ ટાગોર